ગાંધીનગર સમાચાર

# આઈઆઈટીઈ યુવક મહોત્સવ : દિવસ થિયેટર ઈવેન્ટ્સથી છવાયેલો રહ્યો



(તસવીર : કમલેશ શાહ)





(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૩

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટીચર ઍજ્યુકેશનના યુવક મહોત્સવ નિમિત્તે ગાંધીનગર ટાઉનહૉલ આજે દિવસભર ધબકતો રહ્યો અને થિયેટર ઈવેન્ટ વિદ્યાર્થીઓએ મન ભરીને માણી હતી. અલબત્ત, કેટલાક અસંસ્કારી વિદ્યાર્થીઓએ કૃતિઓ દરમ્યાન વણજોઈતી કૉમેન્ટ્સ અને ચિચિયારીઓના અભદ્ર પ્રયોગ કરીને સંસ્થાની આબરૂને બટ્ટો લગાડવાનો શરમજનક પ્રયાસ કર્યો હતો. સૂચના, ચેતવણી આપવા છતાં આ વિદ્યાર્થીઓ કાબૂમાં આવ્યા નહોતા અને આખરે અધ્યાપકોને કડક રૂખ અખત્યાર કરવો પડ્યો હતો. તોફાનીઓને હૉલની બહાર તગેડીને એમના સાથીઓને આગળ બેસાડવામાં આવ્યા હતા.

સવારે પ્રથમ સૅશનમાં ગૃપ માઈમની સ્પર્ધા હતી, જેમાં ત્રણ કૃતિઓ રજૂ થઈ હતી. એક કૃતિ 'પાણી બચાવો' વિષયે, બીજી કૃતિ મોબાઈલ ફોનના અતિરેક વિષયે અને ત્રીજી કૃતિ બેટી બચાવો વિષયે રજૂ થઈ હતી. ત્રણેય કૃતિઓને પ્રેક્ષકો તરફથી ભરપૂર પ્રતિસાદ મળ્યો હતો. એ પછી સ્કીટ્સની સ્પર્ધા યોજાઈ હતી, જે પૈકી પ્રથમ સ્કીટમાં વાસ્તુશાસ્ત્ર જેવો નવો વિષય વણી લેવામાં આવ્યો હતો. અલબત્ત આવી બાબતોનો કોઈ તાર્કિક આધાર નથી હોતો અને આવી કોઈ બાબતઉપર ભરોસો કરવો નહીં એવો સંદેશ આ સ્કીટના માધ્યમથી આપવામાં આવ્યો હતો. બીજી સ્કીટ બેટી બચાવો વિષય આધારિત હતી.

એ પછીના સૅશનમાં મિમિક્રીની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં પણ ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મિમિક્રીની સ્પર્ધામાં એક વિદ્યાર્થીનીએ પણ ભાગ લીધો હતો એ બાબત ધ્યાન ખેંચે તેવી હતી.

એ પછી એકાંકીની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં પણ ત્રણ ટીમોએ ભાગ લીધો હતો. પ્રથમ ટીમના વિષયમાં જાતિવાદનો સ્પર્શ દેખાતો હતો પરંતુ હકીકતે 'કૉર્ટ માર્શલ' નામનું આ નાટક એક સુંદર મજાનું કૉર્ટરૂમ ડ્રામા હતું. નવી જ તરાહના આ નાટકને પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યું હતું. એ પછી 'હું પશલો છું' નામે એક કૉમેડી નાટકની ભજવણી થઈ હતી અને ત્યારબાદ 'બલ્બ જલેગા' નામની કટાક્ષિકા ભજવાઈ હતી.

યુવક મહોત્સવ અંતર્ગત બપોરે સંગીતની અને બપોર પછી નૃત્યની સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. યુવક મહોત્સવનો ઉદ્દ્ઘાટન કાર્યક્રમ પણ આજે સવારે ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં અમદાવાદનાં ખ્યાત નૃત્યાંગના ઈલાક્ષીબેન ઠાકોર અને તેમના પુત્ર ચંદન ઠાકોર અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઈલાક્ષીબેને વિદ્યાર્થીઓની આ કલાભાવનાની કદર કરતાં પોતાનાં યુવક મહોત્સવનાં સંભારણાં એમની સાથે વહેંચ્યાં હતાં.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઍવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
ઍવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
ઍવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વૅલકમ બૅક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી) ૬.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કટ્ટી બટ્ટી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૦.૦૦
કટ્ટી બટ્ટી
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
૭.૧૫
હીરો
૨.૧૫, ૧૦.૧૫
મેરઠીયા ગેંગસ્ટર
૧૨.૦૦, ૪.૪૫

**સ્ક્રીન-૫**
કટ્ટી બટ્ટી
૧૦.૦૦
વૅલકમ બૅક
૧.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ (ગુજરાતી)
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
સેક્રેટરી, જૈન સોશ્યલ ગૃપ
કાર્યક્રમ સંયોજક, કલરવ, કલા ગુર્જરી, શિવરંજની
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**ગોમતીબેન કનુભાઈ પરમાર**
ફોન : ૨૩૨૪૦૭૪૦
મો. ૯૪૨૬૮ ૯૮૧૯૯





ભુવનેશ્વરી યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા ભુવનેશ્વરી મંદિર, સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવ માટે મંગળવારની રાત એ નૃત્યો ભરેલી રાત બની રહી હતી, જેને રસિક પ્રેક્ષકોએ ભરપૂર માણી હતી. ગણેશ મહોત્સવ અંતર્ગત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં મંગળવારે ડાન્સની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્ડર-૧૫ અને ઍબોવ-૧૫ એમ બે જૂથમાં સિંગલ અને ગૃપ એમ કુલ ચાર વિભાગમાં આ ડાન્સ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગરમાંથી કુલ ૩૫ જેટલી ઍન્ટ્રીઝ મળી હતી. આ કારણે સ્પર્ધા રોચક પણ બની હતી અને મધરાત સુધી ચાલી પણ હતી. શરૂઆતમાં સ્થાનિક રહેવાસી કુ. રિયા નિમાવતે અતિથિ કૃતિ તરીકે ગણેશ વંદના રજૂ કરી હતી. એ પછી ડાન્સની સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે નીતિન દવે અને હાર્દિકા શુક્લ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# દુંદાળા દેવને ભાવભીની વિદાય





સૅક્ટર-૮ ખાતે શિવ મંદિર પાસે સ્થિત સોસાયટીના યુવાનો દ્વારા ચાર વર્ષથી નિયમિત ગણેશ મહોત્સવની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવે છે, જેમાં સ્થાનિક વસાહતીઓ શ્રદ્ધાપૂર્વક જોડાય છે. હાર્દિક વૈશ્ય, વિજય શર્મા, જિજ્ઞેશ પટેલ, અશોક લખ્ધિર, યાસિનભાઈ જેવા યુવાનોએ આ વખતે પણ ગણેશ મહોત્સવનું આયોજન કર્યું હતું અને બુધવારે શિવ મંદિરના પુજારી પંકજભાઈ રાવલે વિધિપૂર્વક પૂજા કરાવી હતી. ત્યારબાદ દુંદાળા દેવને ભાવપૂર્વક વિદાય આપવામાં આવી હતી.

# ચંદ્રકાન્ત ટોપીવાળાને ગાંધીનગર સાહિત્ય સભાનો આવકાર

ગુજરાતી સાહિત્ય પરિષદના નવનિયુક્ત પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળાને આવકારતાં ગાંધીનગર સાહિત્ય સભા તરફથી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ગાંધીનગર સાહિત્ય સભાના ભરત કવિ, નટવર હેડાઉ, સુરેશચંદ્ર ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, રમણભાઈ શ્રીમાળી, હરેશ ભટ્ટ, મહેન્દ્ર રાઠોડ તથા તમામ કારોબારી સભ્યો તરફથી આ બાબતે હરખ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સભાના પ્રમુખ ભરત કવિએ ટેલિફોનના માધ્યમથી ચંદ્રકાન્ત ટોપીવાળાનો સંપર્ક કરી તેમને સભા વતી અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# સૅક્ટર-૨ સી ગણેશ મહોત્સવમાં મંગળવારની રાત નાટ્યસભર રહી



ગાંધીનગર, તા. ૨૩

સૅક્ટર-૨ સી ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં મંગળવારની રાત એ મનોરંજનની રાત બની રહી હતી, જેમાં નવી તરાહનાં બે નાટકો મળીને કુલ ચાર કાર્યક્રમો રજૂ થયા હતા.

શ્રી ગણેશ મહોત્સવ સમિતિ, સૅક્ટર-૨ સી આયોજિત આ ગણેશ મહોત્સવમાં આરતી પછી સાંસ્કૃતિક કાર્યક્રમના આરંભે વસાહતીઓને શુભકામના આપવા અર્થે ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમનું સમિતિએ સ્વાગત કર્યું હતું.

એ પછી સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. પ્રથમ વૅસ્ટર્ન ડાન્સની કૃતિ સ્થાનિક નવયુવાનોએ રજૂ કરી હતી. ક્રિષ્ના ગૃપના નામે પાંચ નવયુવાનોએ સુંદર ડાન્સ પ્રસ્તુત કરીને શરૂઆત કરી હતી. એ પછી કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત બેટી બચાવો વિષય આધારિત સ્કીટ 'રમલી'ની ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ - મૌન સાધુ, નિખિલ જાની, કલ્પ ત્રિવેદી, શુભમ પરમાર, હરીન દોચનીયા અને મેહુલ સોલંકી દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેને પ્રેક્ષકોએ ભરપૂર સરાહી હતી. નાટકના પરાકાષ્ટાના દૃશ્યમાં ઘણા પ્રેક્ષકો લાગણીથી ગળગળા થઈ ગયા હતા. બ્રિજરાજસિંહ ઝાલાએ આ નાટક માટે સંગીત સંચાલનની જવાબદારી અદા કરી હતી. નગરના કલાકાર હિમાંશુ ભચેચે ત્યારબાદ મિમિક્રીનો દોર ચલાવ્યો હતો અને એ પછી ગુજરાત રાજ્ય એકાંકી નાટ્યસ્પર્ધામાં શ્રેષ્ઠ નાટક સહિત ચાર ઍવોર્ડ પ્રાપ્ત કરનાર અને ગાંધીનગરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે પોતાનું નામ લખનાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત એકાંકી 'જાદુગર'ની પ્રભાવી પ્રસ્તુતિ કરવામાં આવી હતી. દીપલ પરમાર, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે આ નાટકમાં પોતાનો અભિનય આપી પ્રેક્ષકોનાં મન પર પોતાની અમીટ છાપ છોડી હતી. નાટક માટે સંગીત સંચાલન રોનક સુતરીયાએ સંભાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે વરસાદની શક્યતાઓ વચ્ચે અને ગોરંભાયેલા આકાશ નીચે પણ આ કાર્યક્રમ માણવા માટે સ્થાનિક વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમને કલાકારો દ્વારા સલામ કરવામાં આવી હતી.

# શુક્રવારે રાત્રે ટાઉનહૉલમાં 'સુર અને સરગમી શ્યામ'

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના રહેવાસી અને મોહમ્મદ રફીના ચાહક હારીત દવે પુનઃ એકવાર મોહમ્મદ રફીનાં યાદગાર ગીતોનો એક કાર્યક્રમ ગાંધીનગરમાં આયોજિત કરી રહ્યા છે, જેનું નામ 'સુર અને સરગમી શામ' રાખવામાં આવ્યું છે.

આગામી તા. ૨૫ સપ્ટેમ્બર ને રાત્રે ૯ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમ કૃપ્સ ગૃપ્સ ઑફ ઈન્ટરનૅશનલ ચૅરીટેબલ વર્ક્સના ઉપક્રમે રજૂ થઈ રહ્યો છે. ગુજરાતના ખ્યાત ઑરકેસ્ટ્રેશિયન સંદિપ ક્રિશ્ચિયન અને ઍન્કર મોહસીન શેખ સાથે ચુનંદા ગાયક-ગાયિકાઓ આ કાર્યક્રમ અંતર્ગત પોતાના સૂર રેલાવશે.

# ઈજનેરી વિદ્યાશાખા ક્ષેત્રે ફુગાવો



**કૅમ્પસ**
**દ્વનિલ પારેખ**

સ્વનિર્ભર કૉલેજોનો જમાનો આવ્યો છે ત્યારથી શિક્ષણની માઠી દશા બેઠી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. માત્ર સ્વનિર્ભર કૉલેજો જ નહીં પછી તો સ્વનિર્ભર શાળાઓ પણ શરૂ થઈ અને એને કારણે પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચશિક્ષણ સુધી શિક્ષણનું સ્તર કથળતું ગયું. આમ થવાનું મુખ્ય કારણ નિષ્ઠાવાન શિક્ષકોનો અભાવ રહ્યો છે. સ્વનિર્ભર શાળા કૉલેજોમાં પૂરતી સંખ્યામાં શિક્ષકો હોતા નથી અને જે શિક્ષકો હોય છે એમને પૂરતો પગાર આપવામાં આવતો નથી. હા, વિદ્યાર્થીઓ પાસેથી પૂરતા પ્રમાણમાં તગડી ફી લેવામાં આવે છે પણ એ તગડી ફીનો ઉપયોગ શિક્ષણ કાજે કરવામાં આવતો નથી. પરિણામે આ પ્રકારની સંસ્થાઓમાં શિક્ષણ કાયમ માંદલું જ રહે છે.



સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ શરૂ થવાને કારણે સૌથી વધુ અસર ઈજનેરી અને શિક્ષણ વિદ્યાશાખાઓને થઈ હોય એવું લાગે છે. બિલાડીના ટોપની જેમ આ ક્ષેત્રની સંસ્થાઓ શરૂ થઈ છે અને રીતસરનો ફુગાવો થયો છે. સંસ્થા શરૂ થાય એટલે વિદ્યાર્થીઓ જોઈએ અને એ માટે ગુણવત્તા જોડે બાંધછોડ કરવી પડે. હાલ, ઈજનેર વિદ્યાશાખાની સ્થિતિ ગંભીર છે. ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ ટૅકનીકલ ઍજ્યુકેશન (એઆઈસીટીઈ)એ હાલ આ બાબતે આંખ લાલ કરી હોય એવું લાગે છે. આખા દેશમાં ઈજનેરી વિદ્યાશાખાની સોળ લાખ જગ્યાઓ છે. એનો અર્થ એ થયો કે દર વર્ષે સોળ લાખ વિદ્યાર્થીઓ ઈજનેરી વિદ્યાશાખાની વિવિધ શાળાઓમાં પ્રવેશ મેળવી ને ઈજનેર બનવાનાં સપનાં જુએ છે. એક તર્ક આપણે એવો પણ બાંધીએ કે સોળ લાખમાંથી દસ લાખ વિદ્યાર્થીઓ દર વર્ષે આ દેશમાં જુદી જુદી સાખામાં ઈજનેર બની રહ્યા છે. આ સંખ્યા પ્રમાણમાં મોટી છે. આ સંખ્યા મોટી થવાનું કારણ સ્વનિર્ભર કૉલેજો છે. ઈજનેરી વિદ્યાશાખાની સ્વનિર્ભર કૉલેજોનો રાફડો ફાટ્યો છે. આમ થવાને કારણે આ શાખાનું જે મહત્ત્વ હતું એ પણ દિવસે ને દિવસે ઘટતું ગયું છે. પહેલાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીનું એક સપનું રહેતું હતું, ઈજનેર બનવા માટે એ પુષ્કળ મહેનત પણ કરતો અને અમુક ટકાવારીથી ઉપર ગુણાંક પ્રાપ્ત થાય તો જ એને ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મળતો. આજે સ્થિતિ એકદમ વરવી થઈ છે. વિજ્ઞાન પ્રવાહમાં છત્રીસ ટકા ગુણાંક મેળવનાર વિદ્યાર્થી પણ ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવે છે. એટલે છ્યાંશી ટકા ગુણાંક મેળવનાર અને છત્રીસ ટકા ગુણાંક મેળવનાર બંને વિદ્યાર્થી એક જ ત્રાજવે તોળાતા હોય છે. જરા વિચાર કરીએ કે છત્રીસ ટકા ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ઈજનેર બને તો એ સમાજમાં જઈને શું કરવાનો હતો?

સ્વનિર્ભર ઈજનેરી કૉલેજો પોતાની બેઠકો જાળવી રાખવા માટે, વિદ્યાર્થી પાસેથી તગડી ફી વસૂલીને છત્રીસ ટકા મેળવનાર વિદ્યાર્થીને પણ પ્રવેશ આપે છે. સ્વનિર્ભર કૉલેજોમાં પૂરતા પ્રમાણમાં ફૅકલ્ટી પણ ન હોવાને કારણે ભણવાના નામે 'ઉદો ભવાની જે કરે'ની સ્થિત સર્જાતી હોય છે અને ઈજનેરી વિદ્યાશાખાની દયનીય સ્થિતિ થાય છે.

દેશમાં ઈજનેરી વિદ્યાશાખાની આ સ્થિતિને ધ્યાનમાં રાખીને એઆઈસીટીઈએ એવો નિર્ણય કર્યો છે કે ઈજનેરી વિદ્યાશાખાની બેઠકો ઘટાડવી. સોળ લાખ બેઠકો છે એમાંથી દસ લાખ બેઠકો કરવી અને કૉલેજોની સંખ્યા પણ ઘટાડવી. સ્વાભાવિક છે કે આ પ્રકારના નિર્ણયો પાછળ ફુગાવો જવાબદાર છે. એક તબક્કે આવી સ્થિતિ ઍમબીએ વિદ્યાશાખાની પણ હતી અને શિક્ષણ વિદ્યાશાખાની પણ હતી. જે તે વિદ્યાશાખામાં જરૂરિયાત કરતાં વધારે કૉલેજો શરૂ થાય ત્યારે આ દશા આવતી હોય છે. કારણ કે જરૂરિયાતને પૂર્ણ કરવા માટે પછી ગુણવત્તા સાથે બાંધછોડ કરવામાં આવે છે અને ગુણવત્તા સાથે બાંધછોડ થાય ત્યારે લાંબાગાળે એની અસર સમાજ પર પડતી હોય છે. ઈજનેરી વિદ્યાશાખાની બેઠકો ઘટાડવાને કારણે બિનજરૂરી સ્વનિર્ભર કૉલેજોને તાળાં મારવાનો વારો આવશે ને એમ થશે ત્યારે ફુગાવો થોડો તો ઘટશે જ!

# ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે નિબંધ-વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાઈ

## ઍસવીઍસ કક્ષાની નિબંધ-વક્તૃત્ત્વ સ્પર્ધાઓમાં ડૉ. આંબેડકરને લગતા વિષયો આપવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે ઍમ ચૌધરી સાર્વનિજક કન્યા વિદ્યાલય ખાતે ઍસવીઍસ (તાલુકા) કક્ષાની નિબંધ સ્પર્ધા તથા વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન મંગળવારે કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર વિષયની આ સ્પર્ધાઓ પૈકી વક્તૃત્ત્વ સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રાજવી શાહ (આર જી પટેલ સ્કૂલ), જ્હાન્વી શાહ (જે ઍમ ચૌધરી સ્કૂલ), વર્ષા રાવળ (જે ઍસ પટેલ વિદ્યામંદિર) તથા માધ્યમિક વિભાગમાં હિરલ ચૌધરી (આર જી પટેલ સ્કૂલ), રૂદ્રિ શુક્લ (સ્વામિનારાયણ ગુરુકુલ) અને રોહન ચાવડા (આદર્શ નિવાસી શાળા, સૅ. ૮) અનુક્રમે વિજેતા બન્યા હતા.

નિબંધ સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વૈશાલી હિંમતસિંહ રાઠોડ (કે ઍમ શાહ સ્કૂલ, છાલા), ક્રિના ડી પંડ્યા (આર જી કન્યા વિદ્યાલય), રિદ્ધિ ઍમ વાઘેલા (જે ઍમ ચૌધરી સ્કૂલ), માધ્યમિક વિભાગમાં સીમા રાઠોડ (આર જી કન્યા વિદ્યાલય), હાર્દિ સતીષભાઈ પટેલ (શેઠ ઍસ ઍમ સ્કૂલ, સરઢવ) અને હિમાંશી ડામોર (સ્વામીનારાયણ ગુરુકુલ) અનુક્રમે વિજેતા બન્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વોદય વિદ્યાલય, છાલાના અરવિંદભાઈ પરમાર, આર જી કન્યા વિદ્યાલયના જશુભાઈ સુતરીયા તથા નિવૃત્ત શિક્ષક કોકિલાબેન દવે દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.